# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-03-2024 Evening : 7.50 to 8.00
Day : Wednesday National News

**આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.**

****************************************************

- લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે, જ્યારે બિહારમાં આવતીકાલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે.
- લોકસભાના બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું આવતીકાલે બહાર પાડવામાં આવશે. આ બીજા તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 89 લોકસભા બેઠકો માટે ચૂંટણી થશે.
- ભારતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ વિષે અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવક્તાના નિવેદન બદલ સખત વિરોધ નોંધાવ્યો છે.
- ચૂંટણી પંચે કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનેત તેમજ ભાજપના દિલીપ ઘોષ વિરૂધ્ધ તેમની વિવાદાસ્પદ ટિપ્પણીઓને લીધે કારણ બતાવો નોટિસ જારી કરી છે.
- આજે વિશ્વ રંગમંચ દિવસની ઉજવણી થઇ રહી છે.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LOKSABHA ELECTION

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે છેલ્લો દિવસ છે, જ્યારે બિહારમાં આવતીકાલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પહેલા તબક્કા માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે. ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે. પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકનીપાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી 28 માર્ચે થશે અને 30માર્ચ સુધી નામો પરત ખેંચી શકાશે. બિહારમાં, 30 માર્ચેઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવશે. અને 2 એપ્રિલ સુધી નામો પાછા ખેંચી શકાશે. પ્રથમ તબક્કામાં 19 એપ્રિલે મતદાન થશે.

બીજા તબક્કા માટે 12 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશોની 89 લોકસભા બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પાડવામાં આવશે. બીજા તબક્કામાં કેરળમાંથી 20, કર્ણાટકમાંથી 14, રાજસ્થાનમાંથી 13, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી 8-8, મધ્યપ્રદેશમાંથી 7, આસામ અને બિહારમાંથી 5-5,પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢ, મણિપુર, ત્રિપુરા અને મણિપુરમાંથી ત્રણ-ત્રણ બેઠકો માટે, જમ્મુ-કાશ્મીરમાં એક-એક સીટ પર ચૂંટણી થશે. ઉમેદવારો 4 એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો ભરી શકશે, અને 26 એપ્રિલે મતદાન થશે..

REV.-2ND-PHASE-NOTIFICATION.rtf

લોકસભાના બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું આવતીકાલે બહાર પાડવામાં આવશે. આ બીજા તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 89 લોકસભા બેઠકો માટે ચૂંટણી થશે. બીજા તબક્કામાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની આઠ – આઠ, મધ્યપ્રદેશની સાત, અસમ તેમજ બિહારની 5-5, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢની 3-3, મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરની એક – એક બેઠક પર મતદાન હાથ ધરાશે.

ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્ર ભરી શકાશે. મતદાન 26મી એપ્રિલે કરાવાશે. જમ્મુ કાશ્મીર સિવાય બધા જ રાજ્યોમાં અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉમેદવારીપત્રોની ચકાસણી પાંચમી એપ્રિલે કરાવાશે. જ્યારે જમ્મુ કાશ્મીરમાં ઉમેદવારીપત્રોની ચકાસણી છઠ્ઠી એપ્રિલે થશે

# Ministry of External Affairs-America

ભારતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ વિષે અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવક્તાના નિવેદન બદલ સખત વિરોધ નોંધાવ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું છે ક , દરેક દેશની પોતાની કાનૂની પ્રક્રિયા હોય છે. મંત્રાલયે કહ્યું છે કે, એક દેશ બીજા દેશોની સાર્વભૌમિક્તા અને આંતરિક બાબતોનું માન જાળવે એવી અપેક્ષા રાખવામાં આવે છે. ખાસ કરીને એક સરખી લોકતાંત્રિક વ્યવસ્થા ધરાવતા દેશોની એ જવાબદારી વધારે બને છે નહીં તો તેના ખોટા દાખલા બેસશે.

વિદેશ મંત્રાલયે એમ પણ કહ્યું કે એક દેશની કાનૂની પ્રક્રિયા સ્વતંત્ર ન્યાયપ્રણાલી પર આધારિત હોય છે જે નિષ્પક્ષ અને સમયબધ્ધ પરિણામો પરત્વે વચનબધ્ધ હોય છે. મંત્રાલયે આવી બાબતોમાં અવિચારી નિવેદનોને અનુચિત ગણાવ્યા છે.

દરમિયાન ભારતે કેજરીવાલની ધરપકડ વિષે અમેરિકાના નિવેદનને અમેરિકાના દિલ્હી સ્થિત રાજદૂતાવાસના કાર્યવાહક મિશન ઉપપ્રમુખને આજે બોલાવ્યા હતા.

# ECI--SUPRIYA---GHOSH.rtf

ચૂંટણી પંચે કોંગ્રેસના નેતા સુપ્રિયા શ્રીનેતને પણ કારણ બતાવો નોટિસ જારી કરી છે. સુપ્રિયા શ્રીનેતે લોકસભા ચૂંટણી માટે ભાજપના ઉમેદવાર કંગના રણૌત વિષે કરેલી અભદ્ર ટિપ્પણી બદલ ચૂંટણી પંચે તેમના વિરૂધ્ધ નોટિસ જારી કરી છે.

અત્રે જણાવીએ કે ભાજપે પોતાના પક્ષના ઉમેદવાર કંગના રણૌત વિષે સુપ્રિયા શ્રીનેતે કરેલી વાંધાજનક ટિપ્પણી બદલ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરી હતી.

WB----EC.rtf

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી વિષે કથિત નિવેદનના સંદર્ભે ભાજપના નેતા દિલીપ ઘોષને કારણ બતાવો નોટિસ જારી કરી છે. તેમને 48 કલાકની અંદર જવાબ આપવાનું કહેવામાં આવ્યું છે.

દિલીપ ઘોષે ગઈકાલે દુર્ગાપુર વર્ધમાન સંસદીય વિસ્તારમાં સુશ્રી મમતા બેનર્જી વિષે ટિપ્પણી કરી હતી. ભારતીય જનતા પક્ષે પણ દિલીપ ઘોષના નિવેદનની ટીકા કરી છે.

ARMY-COMMANDER-CONFERENCE.rtf

લશ્કરી કમાન્ડરોનું સંમેલન 2024 આવતીકાલે નવી દિલ્હીમાં શરૂ થશે. હાઈબ્રીડ માધ્યમથી શરૂ થનારા આ સંમેલન દરમિયાન સંરક્ષણમંત્રી રાજનાથસિંહ સંબોધન કરશે. સંરક્ષણમંત્રી બીજી એપ્રિલે વરિષ્ઠ લશ્કરી નેતૃત્વ સાથે વાતચીત પણ કરશે.

આ સંમેલનને પહેલે દિવસે લશ્કરી વડા જનરલ મનોજ પાંડે પોતપોતાના કમાન્ડના મુખ્યમથક સાથે વર્ચ્યુઅલ માધ્યમથી ભાગ લઈ રહેલા લશ્કરી કમાન્ડરોની સાથે વાતચીત કરશે. આ સંમેલનમાં મહત્વપૂર્ણ કાર્યસૂચી પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

પહેલી એપ્રિલે લશ્કરનું ટોચનું નેતૃત્વ સઘન મસ્તિષ્ક પર આધારિત સત્રમાં ભાગ લેશે. તે પછી લશ્કરના સામૂહીક વીમા રોકાણ સલાહકાર સમિતિની બેઠક થશે તેનું અધ્યક્ષપદ લશ્કરી વડા સંભાળશે.

# MAHA--GADKARI-NOMINATION.rtf

મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ આજે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું. તેઓ નાગપુર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડશે. આ પ્રસંગે મુખ્યમંત્રી એકનાથશિંદે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફણનવીસ અને મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકૂલે હાજર રહ્યા હતા.

દરમિયાન શિવસેના શિંદે જૂથના નેતા રાજૂ પરવેએ પણ રામટકે લોકસભા બેઠક પરથી ઉમેદવારીપત્ર ભર્યું. રાજુ પરવે કોંગ્રેસના ઉમેદવાર રશ્મિ બર્વે સામે ચૂંટણી લડશે.

# BIHAR---CHIRAG-PASWAN.rtf

બિહારમાં ચિરાગ પાસવાનના નેતૃત્વ હેઠળના લોકજનશક્તિ પક્ષ – આર.એ. અરૂણ ભારતીને જમુઈ સંસદીય બેઠકના ઉમેદવાર ઘોષિત કર્યા છે. આજે ચિરાગ પાસવાને તેમને પક્ષનું ચૂંટણી ચિન્હ ફાળવ્યું. ચિરાગ પાસવાન 2014 અને 2019માં જમુઈ લોકસભા બેઠકનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે અને તેમણે હાજીપુર સંસદીય મતવિસ્તારમાંથી ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. બિહારમાં એનડીએમાં બેઠકોની ભાગીદારીની સમજુતીમાં લોકજનશક્તિ પક્ષ - આર પક્ષને પાંચ બેઠકો મળી છે.

# EC-SPECIAL-V-C.rtf

ચૂંટણી પંચ, ચૂંટણી દરમિયાન 27 આઈટી એપ્સની સાથે ટેકનોલોજીનો લાભ લઈ રહ્યું છે. એપ્સ અને પોર્ટલના માધ્યમથી ટેકનોલોજીના ઉપયોગને કારણે ઉમેદવારો અને લોકોની સાથે સાથે ચૂંટણી પ્રક્રિયા પર ઝીણવટભરી નજર રાખી રહેલા અધિકારીઓને માટે પણ આ પ્રણાલી સરળ બની છે.

# . BALTIMORE-BRIDGE--HOTLINE.rtf

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને ગઈકાલે મેરીલેન્ડના બાલ્ટિમોરમાં ફ્રાન્સિસ સ્કોટના પુલ સાથે ટકરાયેલા એક દરિયાઈ જહાજ પરના ભારતીય ચાલક દળની સતર્કતાની પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે, ભારતીય ચાલક દળે સમયસર બચાવ માટે મદદ માંગી તેને કારણે મોટી સંખ્યામાં જાનહાની ના થઈ. આ બનાવ સમયે તાત્કાલિક કાર્યવાહી કરવા બદલ સ્થાનિક પ્રશાસનના પણ તેમણે વખાણ કર્યા.

PUNJAB-ED-RAIDS.rtf

અમલ બજવણી નિદેશાલય – ઈડીએ આજે સવારે પંજાબ અને ચંદીગઢમાં અનેક સ્થળો પર દરોડા પાડ્યા. મળતા અહેવાલ મુજબ ઈડીની ટુકડીઓએ પંજાબના વરિષ્ઠ IAS, આબકારી અને ઇન્કમટેક્સ કમિશનર વરૂણ રૂજમના ચંદીગઢ સ્થિત આવાસ પર દરોડા પાડ્યા તે ઉપરાંત અન્ય વરિષ્ઠ સરકારી અધિકારીઓના નિવાસસ્થાન પર પણ દરોડા પાડવામાં આવ્યા.

# RANGBHOOMI DIVAS

આજે વિશ્વ રંગમંચ દિવસની ઉજવણી થઇ રહી છે. વિશ્વભરમાં 27મી માર્ચે થિયેટર -રંગભૂમિનું મહત્વ સમજાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય રંગમંચ સંસ્થા દ્વારા 1962ના વર્ષથી આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી.

વિશ્વ રંગમંચ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રંગભૂમિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. રંગભૂમિ પર ભજવાતી ભવાઇ એ ગુજરાતનું પરંપરાગત લોકનાટ્ય છે. ગુજરાતી રંગભૂમિનું પ્રથમ નાટક 1853માં મુંબઈમાં ભજવાયું હતું. .

# J-K-ANURAG-THAKUR.rtf

કેન્દ્રિય મંત્રી અને ભારતીય જનતા પક્ષના નેતા અનુરાગસિંહ ઠાકુરે કહ્યું છે કે, નરેન્દ્ર મોદી સરકારે બંધારણની કલમ 370 અને 35-A ને રદ કરીને જમ્મુ કાશ્મીરમાં વિકાસનો માર્ગ ખૂલ્લો મૂક્યો છે. અનુરાગ ઠાકુર આજે જમ્મુના ઝજ્જૂર કોટલીમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચો સરકારના શાસનના છેલ્લાં દસ વર્ષ દરમિયાન જમ્મુ કાશ્મીરમાં ચોમેર વિકાસ થયો છે. તેમણે કહ્યું કે, જમ્મુ કાશ્મીરમાં કાયદાની સ્થિતિમાં સુધારો થયો તેની સાથે સાથે સશસ્ત્ર દળો અને વિશેષ દળોની જરૂરમાં ઘટાડો થયો છે.

# BJP-JOIN.rtf

પંજાબમાં જાલંધરમાંથી આમઆદમી પાર્ટીના સાંસદ સુશીલ કુમાર રિન્કૂ અને પક્ષના વિધાનસભા શીતલ અંગુરાલ ભારતીય જનતા પક્ષમાં જોડાઈ ગયા છે. નવી દિલ્હીના ભાજપના મુખ્ય મથકમાં પક્ષના મહામંત્રી વિનોદ તાવડેની હાજરી તેમણે ભાજપનું સભ્ય પદ ગ્રહણ કર્યું.

# REV.-SIKKIM---NOMINATION.rtf

સિક્કિમમાં લોકસભાની એક માત્ર બેઠક અને રાજ્યસભાની 32 બેઠકોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાનો આજે છેલ્લો દિવસ છે.

સિક્કિમના મુખ્યમંત્રી અને શાસક સિક્કિમ ક્રાંતિકારી મોરચાના નેતા પ્રેમસિંહ તમાંગ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી તેમજ સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટના નેતા પવનકુમાર ચામલિંગે આજે ઉમેદવારી પત્ર ભર્યા.

ઉમેદવારી પત્રોની ચકાસણી આવતીકાલે કરવામાં આવશે. ઉમેદવારી પત્ર પાછું ખેંચી લેવાની અંતિમ તારીખ 30મી માર્ચ છે.